# અગર વિસ્તારોમાં પાણીની સ્થિતિ, કારણો અને ઉપાયો

અગર વિસ્તારો સામાન્ય રીતે ગામ થી દૂર, દરિયા કિનારે અથવા રણમાં છે. તેઓ પંચાયતની હદમાં આવતા નથી. અગરીયા સમુદાય ચોમાસા પછી અગર વિસ્તારોમાં સ્થળાંતર કરતાં હોય છે. અને ત્યારબાદ 8 મહિના સુધી મીઠું પકવવામાં લાગી જાય. અગરીયા સમુદાયનું મુખ્ય આજીવિકા મીઠાની ખેતી છે. ખુબજ ઓછા લોકો પાસે પોતાની ખેતી કે અન્ય આજીવિકાનું સાધન છે.

અગરીયા કાં તો રણ/દરિયા કાંઠે પોતાની મેળે મીઠું પકવે છે, તેને સ્વ-રોજગાર પ્રાપ્ત અગરીયા તરીકે ઓળખવામાં આવે છે અથવા નાના, મધ્યમ અથવા મોટા સોલ્ટ વર્કમાં દિવસના રોજ પર, અથવા  ઉચ્ચક (ટન દીઠ ભાવ પર) કામ કરતાં હોય છે.

અગરીયા સમુદાય મોટા ભાગે પરિવાર સાથે સ્થળાંતર કરે છે. તેથી કામના સ્થળે સેંકડો પુરુષ, મહિલા, બાળકો અને કિશોરીઓ હોય છે. અગર વિસ્તારોમાં પીવા અથવા વાપરવાલાયક પાણી નો કોઈ સ્ત્રોત ન હોવાના કારણે બહારથી ટેન્કર/પાઇપલાઇન મારફતે આવતા પાણી પણ આ પરિવારો નિર્ભર હોય છે.

ભૌગોલિક પરિસ્થિતિ, અને આયોજન નો અભાવ આ બંને કારણોસર આજની તારીખમાં અગર વિસ્તારોમાં પીવા અને વાપરવા લાયક પાણી નિયમિત મળતું નથી. કચ્છ ના નાના રણ ના કેટલાક વિસ્તારોમાં 10 થી 15 દિવસે એક દિવસ એક પરિવારને ટેન્કર મારફતે પાણી મળે છે. અગરીયા પાસે પાણીના સંગ્રહ માટે મોટા ટાંકા હોતા નથી. પરિણામે તેમણે ઘણી વ્વાર ખાનગી પાણી સપ્લાયર દ્વારા ટેન્કર મંગાવી, તેના ગેરવ્યાજબી ભાવ ચૂકવવા પડે છે.

## હાલની સ્થિતિ શું છે ?

કચ્છના નાના રણમાં સ્થળાંતર કરતાં અગરીયા પરિવારોને સુરેન્દ્રનગર, પાટણ, મોરબી અને કચ્છ જિલ્લાની પાણી પુરવઠા ની કચેરી દ્વારા ટેન્કર મારફતે પાણી પૂરું પાડવામાં આવે છે. પણ તે નોવેમ્બર અથવા ડિસેમ્બર માસમાં શરૂ કરવામાં આવે છે. શરૂઆત ના ગાળામાં ટ્રેક્ટર માઉન્ટ ટેન્કર ન શરૂ કરવાના કારણે અગરીયાઓ ને ખાનગી પાણી સપ્લાય પર આધાર રાખવો પડે છે. ઘણી વાર 2 મહિના માટે થઈ ને 8 મહિના માટે ખાનગી ટેંકરો બંધાવવા પડે છે. વધુમાં ટેંકરોની સંખ્યા પણ ખુબજ ઓછી હોય છે, એટ્લે રણના વિશાળ વિસ્તારોમાં પાણીની ખુબજ તકલીફ પડે

છે. વખતો વખત રજૂઆત કર્યા બાદ પણ અગર વિસ્તારો માટે અલાયદા/નવા ટેન્કરના ખરીદી બાબત વિભાગ કોઈ દરખાસ્ત અથવા આયોજન કરતાં હોય તેવું જણાતું નથી.

વિભાગ તરફથી પરિસ્થિતિને અનુકૂળ આયોજન કરવામાં માટે અનેક રજૂઆત કરવા છતાં આ સમસ્યાનો કોઈ ઉકેલ આવતો નથી

દરિયા કાંઠે કેટલીક જગ્યાએ પાઇપલાઇન છે, પણ તેમાં પાણી આવતું નથી તેવી ફરિયાદો એસોસિએશન તરફથી વારંવાર થતી હોય છે. કચ્છ જિલ્લાના કાંઠે આવેલ અગરો માટે પાણીની નવી/અલાયદી પાઇપલાઇન ની પ્રોપોજલ ની ચર્ચા એક વખત કરવામાં આવી હતી. પણ તે વાત આગળ વધી નથી.

<u>શું કરવું જોઈએ?</u>

- તમામ અગર વિસ્તારોમાટે (રણ તેમજ દરિયા કાંઠાના વિસ્તારો) માટે પાણી પુરવઠા વિભાગ ના જે તે જિલ્લા સ્તરની કચેરીઓએ ભૌગોલિક પરિસ્થિતી અને લોકોની જરૂરિયાત ને ધન માં રાખી ને આયોજન કરવું જોઈએ. સીજનની શરૂઆતમાં અગર વિસ્તારો ભીના હોય ત્યારે ટ્રેક્ટરઓર માઉન્ટ કરેલા ટેન્કર ની વ્યવસ્થા કરવી જોઈએ. અને ડિસેમ્બરથી મોટા ટેંકરો, પૂરતી સંખ્યામાં (અગર વિસ્તારનો ફેલાવો અને ત્યાં સ્થળતર કરેલા પરિવારોની સંખ્યાઆ પ્રમાણમાં) આયોજન કરવું જોઈએ. આયોજન પ્રમાણેનું બજેટ તેમની વાડી કચેરીપાસેથી માંગવુ જોઈએ.
- ગાંધીનગર સ્તરે આ તમામ આયોજન માટે વિભાગને જો એંપાવર્ડ કમિટી તરફથી નાણાની જરૂર હોય તો તે માટે સમયસર પ્રોપોજલ મોકલી, નાણાં મેળવવા જોઈએ.
- આજની તારીખમાં સમયસર આયોજન ન થવાના કારણે નાણાકીય મંજૂરી અને અન્ય વહીવટી મુશ્કેલીઓ માં રણ અને અન્ય અગર વિસ્તારોમાં પાણી પૂરું પાડવાની કામગીરી માં કચાશ રહી જાય છે. તેની સીધી અસર મહિલાઓ, અને બાળકોના સ્વાસ્થ્ય પર પડતી જોવા મળે છે.
- જે પણ વિસ્તારોમાં પાઇપલાઇન શક્ય છે તે વિસ્તારોમાં પાઇપલાઇનની સુવિધામાટે આયોજન કરવું જોઈએ, અને તે માટે પૂરતા નાણાની જોગવાઈ કરવી જોઈએ.

Harinesh Pandya
Ph: 09824048842,
Email: ahrmgujarat@gmail.com;

Bharat Somera
Ph: 9909006796